# હિસાબ નિયામકશ્રીની કચેરી,ન.કૃ.યુ નવસારી

અગત્યનું :

## :: પરિપત્ર ::

વિષય: નવા બાંધકામ / જૂના બાંધકામના રિપેરિંગ માટેની ગ્રાન્ટ ફાળવણી બાબત.

આ યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે આ યુનિવર્સિટીમા હાથ ધરવાના થતાં નવા બાંધકામો/ તેમજ જૂના બાંધકામોના રિપેરિંગ માટેની ગ્રાંટની માંગણી જે તે કચેરીઓ દ્વારા હિસાબ નિયામકશ્રીની કચેરીએ રજૂ કરવામાં આવે છે ત્યારે જરૂરી આધારો સામેલ ન હોવાના કારણે સક્ષમકક્ષાએ મંજૂરી મેળવી સમયસર ગ્રાન્ટ ફાળવી શકાતી નથી અને બિનજરૂરી પત્રવ્યવહાર અને સમયનો બગાડ થાય છે, તેમજ કામોમાં વિલંબ થવા પામે છે, જેથી માન.કુલપતિશ્રીની મળેલ સૂચનાનુસાર ઉકત વિષયસુચિત કામો માટે ગ્રાંટની માંગણીની દરખાસ્ત સાથે નીચે મુજબના આધારો/દસ્તાવેજો અચૂક રજૂ કરવાના રહેશે.

(1) નવા બાંધકામ/જૂના બાંધકામનાં રીપેરીંગની કામગીરી માટે સક્ષમ કક્ષાએ .મેળવેલ સૈદ્ધાંતિક મંજૂરીની નકલ અથવા બાંધકામ સમિતિએ મંજૂરી આપેલ હોય તો તે કામપૂરતા ઠરાવની નકલ.

(2) જે તે કામ માટેનો ફાઇનલ થયેલ નક્શો.

(3) એસ્ટીમેટ ખર્ચ પત્રક.

(4) જો નવું બજેટ સદર ખોલવાનું થતું હોય તો નિયત નમૂનામાં જરૂરી વિગતો સાથેનું ફોર્મ.

ઉપર મુજબ આધારો સાથે દરખાસ્ત રજૂ થયેલ હશે, તો જ ગ્રાન્ટ ફાળવવા બાબતે આગળની ઘટતી કાર્યવાહી કરવામાં આવશે, જેની સર્વેએ નોધ લેવા વિનંતી.

હિસાબ નિયામક

જા.નં.નકૃયું/હિનિ/બજટે-3/પરિપત્ર/ ૫૦૦૮-૧૧ તા. 02/07/2021

નકલ જયભારત સાથ રવાના:

(1) આ યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓ તરફ અમલ થવા સારૂ

(2) કાર્યપાલક ઈજનેરશ્રી, નકૃયું, નવસારી તરફ અમલ થવા સારૂ

(3) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયું, નવસારી તરફ જાણ સારું

(4) આ કચેરીની દરેક શાખાઓ તરફ અમલ થવા સારૂ